મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૭ ટકા
ગાંધીનગર તાપમાન

ઘ-૪ પાસે મિડ-વે સ્કાય હોટલમાં આગ

રીસેપ્શન એરીયા બળીને ખાક, સ્ટાફ સહિત ૭ રૂમમાં રોકાયેલા ૧૫ નાગરીકોને બચાવ્યા, ફાયર વિભાગે દોઢ કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ઘ-૪ વિસ્તારમાં સ્થિત મિડ-વે સ્કાય હોટલમાં વહેલી સવારે અચાનક આગ લાગી હતી. આગ લાગતા સ્ટાફ અને રોકાયેલા યાત્રિકોમાં દોડધામ મચી જવા પામી હતી. બનાવની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને દોઢ કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જયારે હોટલના સ્ટાફ સહિત ૭ રૂમમાં રોકાયેલા ૧૫ વ્યકિતને સીડી દ્વારા સલામત સ્થળે ખસેડ્યા હતા. આગમાં હોટલનો રીસેપ્શન એરીયા બળીને સંપૂર્ણ રીતે ખાક થઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના ઘ-૪ પાસે દેનાબેંકની પાછળના ભાગે ઉપરના માળે આવેલી હોટલ મિડ-વે સ્કાયમાં સવારે ૪.૩૫ ના સમયે મીટરબોક્ષમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીની મિનીટોમાં આગ રીસેપ્શન એરીયામાં પ્રસરતા સોફા સેટ, ટીવી, એસી, લાકડાનું ફર્નીચર, સહિતની ચીજવસ્તુઓ બળીને સ્વાહા થઈ ગઈ હતી. આગ લાગતા જ બિલ્ડીંગમાં ભાગદોડ મચી ગઈ હતી. ફાયર વિભાગને કોલ મળતા જ ફાયર ઓફિસર મહેશ મોડ ટીમ સાથે દોડી આવ્યા હતા. ફાયર વિભાગે હોટલના અંદાજીત ૭ જેટલા રૂમમાં રોકાયેલા સ્ટાફ સહિત યાત્રિકોને હેમખેમ બહાર નીકાળ્યા હતા. જયારે દોઢ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગને પગલે અન્ય વેપારીઓ પણ દોડી આવ્યા હતા. ફાયરના જવાનોએ આગ વધુ પ્રસરે નહી તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. જયારે હોટલ માલિક વિક્રમ પુરોહિતે જણાવ્યું હતું કે હોટલમાં લાગેલી આગમાં લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. જયારે આગ શોર્ટ સર્કિટ કે મંદિરના દિવાથી લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યું છે.

જન્મદિને વધામણી

કલ્પેશ જી સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦

પીનાક એ પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪

કૌશિક મુળજીભાઈ પરમાર
મો. ૯૩૨૭૦ ૧૪૫૦૫

દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

દક્ષરાજસિંહ ઝાલા
મો. ૯૯૨૫૨ ૬૨૭૦૦

રીધમ દત્ત

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈના એનએસએસ દ્વારા પ્રોહિબિશન એન્ડ એકસાઈઝ વિભાગ, ગુજરાત સરકાર સાથે સંલગ્ન રીતે 'અવેરનેસ ઓફ ડ્રગ અબ્યુઝ' ના થીમ આધારિત ચલચિત્ર તથા રંગોળીની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધા અંતર્ગત કુલ ૯૮ જેટલા વિધાર્થીઓ -વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું સફળ સંચાલન પ્રોફેશર જીગ્નશા દેરાસરી તથા પ્રોફેશર ઘનશ્યામ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિના ભાગ રૂપે વિશેષ અતિથીગણ તરીકે સુનિલકુમાર (આઈએએસ, ડાયરેક્ટર ઓફ પ્રોહિબિશન ૨ એકસાઈઝ વિભાગ) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડો. દિવ્યકાન્ત પટેલ, ઉપાચાર્ય, ASP & BR એ અતિથીગણ અજાગીયા સાહેબ (અધિક્ષકશ્રી નશાબંધી અને આબકારી વિભાગ)ને વિધાર્થીગણના ઉત્સાહ

વધારવા માટે મંચ પર આમંત્રિત કર્યા હતા. અજાગીયા સાહેબે મુખ્યથિમના આધારિત વ્યકતવ્ય આપ્યું હતું. જેમાં ડ્રગ્સના દુરુપયોગ તથા ઉપયોગ અંગેની વિસ્તૃત માહિતી ઉપર પ્રકાશ પાડયો હતો અને ફાર્મસીસ્ટ તરીકે નાગરિકની પ્રાથમિકતા ડ્રગ્સના ઉપયોગમાં શું હોવી જોઈએ એ ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં એક વિશેષ સંદેશ નાટ્યાત્મક રીતે અરિહંત આર્ટ કોમ્યુનિકેશનની થીમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં દારૂની લત એક હસતા પરિવારને કેવી રીતે બરબાદ કરે છે અને કેવી આફત નોતરે છે એ રજૂ કર્યું હતું.

આ ઉપરાંત ડો.દિવ્યકાન્ત પટેલે સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ વિધાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. અને આ પ્રકારની પ્રવૃત્તિઓમાં હંમેશા ભાગ લઈને સમાજમાં જાગૃતિ ફેલાવવા પર ભાર મૂક્યો હતો.

આ સમારોહના ભાગ રૂપે ઉપરોક્ત સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરે ઉતીર્ણ થયેલ વિધાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ ડો. દિવ્યકાંત પટેલ તથા શ્રીમાન અજાગીયા સાહેબ દ્વારા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે પ્રોફેસર સુનિતા ચૌધરી એ કાર્યક્રમ સાથે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સંકળાયેલ તમામ વિધાર્થીઓ તથા શિક્ષકગણનો આભાર વ્યક્ત કરી સમરોહની પૂર્ણાહુતિ કરી હતી.

સરકારી વાણિજય કોલેજ ખાતે 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

સરકારી વાણિજય કોલેજ ગાંધીનગર ખાતે તારીખ ૧૨મી માર્ચ ૨૦૨૧ શુક્રવારના રોજ 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી નિમિત્તે સાઈકલ રેલી તેમજ 'મહાત્મા ગાંધીજીના વિચારોનું સાંપ્રત સમયમાં

અમલીકરણ' અને 'ભારતીય સ્વતંત્રતા સંગ્રામ' વિષય પર નિબંધ સ્પર્ધા તેમજ વક્તૃત્વ સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૫૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ કાર્યક્રમનું સંચાલન એનસીસી, એન.એસ.એસ તેમજ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમ માટે કોલેજના આચાર્યશ્રી ડો. અમિત સુતરીયા દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ' વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમર્પણ કેમ્પસ ખાતે ફુટબોલ લીગ ટૂર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૨

સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ કેમ્પસ ખાતે ગાંધીનગર ફૂટબોલ ક્લબ દ્વારા આયોજિત ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસીએસન અને ગાંધીનગર જીલ્લા ફૂટબોલ એસોસીએસનના સહયોગથી ગાંધીનગર પ્રીમિયર લીગ રમાઈ રહી છે. આ લીગ મેચમાં આંણદ જીલ્લા, અમદાવાદ જીલ્લા અને ગાંધીનગર જીલ્લાની કુલ આઠ ટીમો ભાગ લઈ રહી છે. જે તા. ૬ માર્ચથી શરુ કરીને ૧૮મી એપ્રિલ સુધી મેચનું આયોજન કરવામાં આવ્યું છે. ટૂર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ડીરેકટર મહેન્દ્રસિંહ વાઘેલા, ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસીએસનના સેક્રેટરી નટુભાઈ સિસોદિયા, ગાંધીનગર જીલ્લા ફૂટબોલ એસોસીએસનનાના સેક્રેટરી જતિનભાઈ ભાવસાર તેમજ લીગ મેચના સંચાલક પ્રાંજલ પટેલ હાજર રહ્યા હતા. સૌથી વધુ પોઈન્ટ મેળવનાર વિજેતાને ટીમને તા:૧૮મી અપ્રિલના રોજ ટ્રોફી એનાયત કરવામાં આવશે.

સમદર્શન આશ્રમમાં કૃપાનિધિ મહાદેવના સાંન્નિધ્યમાં શિવરાત્રીની ભવ્ય અને દિવ્ય ઉજવણી

પૂજ્ય ગુરુમા દ્વારા રૂદ્રાભિષેક અને ષોડશોપચાર મહાપૂજા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેક્ટર-૧માં સમદર્શન આશ્રમમાં બિરાજમાન શ્રી કૃપાનિધિ મહાદેવના મંદિરમાં શિવરાત્રીની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ એકાદશ દ્રવ્યથી રુદ્રાભિષેક સહિત ષોડશોપચાર પૂજા કરી હતી.

સમદર્શન આશ્રમના પ્રાંગણમાં કૃપાનિધિ મહાદેવના સાંનિધ્યમાં શિવરાત્રીની મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે છ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી 'ઓમ નમઃ શિવાય' ની અખંડ ધૂનમાં ભાવિક ભક્તોએ ભાગ લીધો હતો. સાંજે પાંચ વાગ્યાથી મહાપૂજાનો પ્રારંભ થયો હતો.

પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ મહાપૂજા કરી હતી. ભાવિક ભક્તોએ ભજન કીર્તન કર્યા હતાં. સહસ્ત્રનામ અર્ચના પછી આરતી થઈ હતી. કૃપાનિધિ મહાદેવના મંદિરમાં કૈલાસની ગિરિમાળા જેવી શોભા કરવામાં આવી હતી અને શિવલિંગ ઉપર મહાદેવજીની નયનરમ્ય મુખાકૃતિથી અદભુત શણગાર કરવામાં આવ્યો હતો. સમગ્ર મંદિર અને આશ્રમ સંકુલને સુંદર રોશનીથી સજાવવામાં આવ્યા હતાં.

સમગ્ર ઉજવણી દરમિયાન કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું. તમામ દર્શનાર્થીઓએ દો ગજ કી દુરી જાળવીને, માસ્ક પહેરીને ઉજવણીમાં ભાગ લીધો હતો.

'મહાશિવરાત્રીની ઉજવણી'- સેકટર-૩ ન્યૂ ખાતે શિવશક્તિ મંદિરે મહાકાલેશ્વર દાદાની મહાઆરતી, ફૂલોનો શણગાર, દીપમાળા, ભાંગ પ્રસાદનું આયોજન શિવશક્તિ સેવા ટ્રસ્ટ ના પ્રમુખ તથા ટ્રસ્ટના સભ્યોના સાથ સહકારથી આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના વસાહતી ભાઈ-બહેનોએ તેનો લાભ લીધો હતો.

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા મહાશિવરાત્રિ અંતર્ગત મહાદેવજીની પૂજા કરવામાં આવી હતી. કોરોનાને ધ્યાનમાં લઈ તમામ બાળકો પોતપોતાના ઘરેથી બનાવેલ પ્રસાદી લઈને આવ્યા હતા. સર્વે બાળકો દ્વારા વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે સ્વાસ્થ્ય રોજગારી યોજના અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે 'સ્વાસ્થ્ય સ્વરોજગારી યોજના' અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લક્ષ્મીબેન જોષી, ડૉ. હાર્દિકભાઈ તલાટી, ભારતી મોંગરા, સંગીતાબેન પ્રજાપતિ તથા રીયા નિમાવત દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાની ૮૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત શાળાના લેડીઝ ટોયલેટમાં સેનેટરી પેડના નિકાલ માટે અલગથી ડસ્ટબીન મુકવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય હસમુખભાઈ પટેલ, નટુભાઈ લાડાણી તથા શાળાના શિક્ષકોનો પૂરતો સહયોગ રહ્યો હતો.

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા ફૂડ ફોર હંગર કાર્યક્રમ યોજાયો હતો. લાયન જીગરભાઈ પટેલના પિતાશ્રી સ્વ. કાન્તીભાઈ બી. પટેલના સ્મરણાર્થે ફૂડ ફોર હંગર અંતર્ગત ૩૫૦ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ખીચડી અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ ઉમંગ પંડયા, તમામ પૂર્વ પ્રમુખ તેમજ સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા સફાઈ કર્મચારીઓ અને દિવ્યાંગ દિકરીઓને રોગપ્રતિકારક કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવિધ રીતે કરવામાં આવી હતી. જેમાં ઈન્ફોસિટી ખાતેની પર્લ ગર્લ્સ હોસ્ટેલ ખાતે વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ, કર્મા ફાઉન્ડેશન તથા વીઆરવન ગૃપના સંયુકત ઉપક્રમે યોજાયેલી ઉજવણીમાં શહેરની ૭૦થી વધુ મહિલા સફાઈ કર્મચારીઓને રોગ પ્રતિકારક શકિત વધારતી હોમિયોપથિક દવાઓ, માસ્ક તથા સેનેટરી પેડ સહિત અલ્પાહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આયોજકો દ્વારા સેકટર-૧૬ની પ્રજ્ઞાચક્ષુ બાળકો માટેની અંધજન શાળા અને સેકટર-૨૮ મૂકબધિર શાળાની દિકરીઓ તથા મહિલા કર્મચારીઓને પણ આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનમાં પર્લ ગર્લ્સ હોસ્ટેલના એડમિનીસ્ટ્રેટર અંજના રાઠોડ, કર્મા ફાઉન્ડેશનના નિકીતાબહેન તથા તેમના સાથીઓ અને વીરઆરવન ગૃપના પલકબહેન તથા તેમની ટીમે જોડાઈને મહિલા દિવસની ઉજવણી કરી હતી.

દેવાંશી એજયુકેશન ટ્રસ્ટ ગાંધીનગર કોવિડ-૧૯ના સમયગાળામાં ગરીબ તથા મધ્યવર્ગની મદદે ખડે પગે રહ્યું છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા જરૂરિયાતમંદોને ૪૦ દિવસ સુધી જમવાનું અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટાફને પણ જમવાની કીટ પુરી પાડવામાં આવી હતી. આ તમામ સેવાકાર્યોને ધ્યાનમાં લઈ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર રીટાબેન પટેલ દ્વારા સંસ્થાને કોરોના વોરિયર્સનું સન્માનપત્ર આપી સંસ્થાના સેવા કાર્ય કરવાના જુસ્સામાં વધારો કરવામાં આવ્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દંતાણી સંજયભાઈ દશરથભાઈ
  ઉ.વ. ૧૯, સે-૨૫, છાપરાં
- સ્વ. ચૌહાણ કપિલાબેન દિલીપસિંહ
  ઉ.વ. ૫૪, ન્યુ વાવોલ
- સ્વ. ઠાકોર શકરીબેન રઈજીજી
  ઉ.વ. ૮૯, શિહોલીમોટી
- સ્વ. પટેલ રસિકભાઈ અંબાલાલ
  ઉ.વ. ૫૫, નવા નરોડા
- સ્વ. ગોહિલ રંજનબેન બળદેવસિંહ
  ઉ.વ. ૨૮, વિરોજ, જી. વડોદરા